June 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

Year 17 ● Issue 09 / 196

● Mumbai ● Page 24 ● Price Rs. 2/-

● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



મારાં સ્નેહી પરીવારજનો.

પ્રણામ,

**"કુછ કિયે બીના હી,**
**કભી જયજયકાર નહિ હોતી.**
**કોશિશ કરનેવાલો કી કભી હાર નહી હોતી."**

**- હરિવંશરાય બચ્ચન.**

આ છે અમારી માસ્ટર કી,......

જેનો ઉપયોગ કરીને અમે સહુ સાથે મળીને આપની સમક્ષ સંબંધોની આત્મીયતા જાળવી રાખવા કામ કરીએ છીએ. આપણે સહુ એક જ પરિવારજનો છીએ, તેને લક્ષમાં રાખીને રવિવાર, તા.૦૬ જુન ૨૦૨૨નાં રોજ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહનાં નેતૃત્વમાં તેમની ટીમનાં અથાગ પરિશ્રમ દ્વારા સર્વ પ્રથમ યોજાયેલ લોઢાધામ અને મહાવીરધામનો યાત્રા પ્રવાસ દેવ ગુરૂનાં આશીર્વાદથી ખુબ ખુબ આનંદોલ્લાસ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

સમાજનાં દાનવીર દાતાઓનો સાથ, આદરણિય સિનિયર સિટીઝનોનો અદ્‌ભુત સહકાર મળ્યો છે. તે બદલ હું હૃદયપૂર્વક આપ સર્વેનો આભાર માનુ છું.

(વિગતવાર અહેવાલ પાના ૯ થી ૧૧ આ અંકમાં વાંચવા મળશે.)

એવો જ બીજો શાનદાર, **ધમાકેદાર પોગ્રામ તા. ૧૨ જુન-૨૦૨૨, રવિવારનાં રોજ બિરલા માતુશ્રી સભાગૃહ** ખાતે સ્વાદિષ્ટ ડીનર સાથે અમીત સિન્હા એન્ડ પાર્ટીનો ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો. સમગ્ર હોલ સંગીતનાં સુરો તેમજ તાળીઓનાં ગડગડાટ સાથે ગુંજી ઉઠયો ત્યારે મને જે લાગણીની અનુભૂતી થઈ છે, મારાં હૃદયમાં જે સ્પંદનો જાગ્યા છે, તે માટે શબ્દો પણ ઓછા પડે તેમ છે. આ કાર્યક્રમનો સંપૂર્ણ યશ પોગ્રામ કમિટીના **કન્વીનર શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ** અને શબ્દોની સામ્રાજ્ઞી **શ્રીમતી અલ્પાબેન વીનેશભાઈ શાહને** ફાળે જાય છે, તેમજ તેમની ટીમને ખુબ ખુબ ધન્યવાદ... વન્સ મોર...વન્સ મોર..

વસઈથી ચર્ચગેટ સુધીનાં આપણાં પરિવોરોએ ઘણાં જ ઉત્સાહ અને ઉમંગથી ઉપસ્થિત રહીને ફરી એકવાર સાથે મળીને આનંદોત્સવ મનાવ્યો તે જ આપણી મોટી સફળતા છે.

આવા સુંદર અવસરે આપણા દાતા પરિવારોને કેમ ભૂલાય ? તેમનું બહુમાન તો કરવું જ જોઈએ.

**સ્વ. શ્રીમતી પન્નાબેન કપૂરચંદ સોનાવાલાએ** ઘણાં જ ઉમદા ભાવથી અને અંતિમ સમયે સુકૃત્ય કરવાની ભાવના, પાટણ સમાજ પ્રત્યેની લાગણીથી પ્રેરાઈ કાયદાકીય વીલ બનાવીને તેમની સ્થાવર મિલકત એટલે કે વાલકેશ્વરનો તેમનો ફ્લેટ, ગેરેજ સાથે ભેટ આપ્યો છે, તેમની જેટલી અનુમોદના કરું તે ઓછી છે. સ્વ. પન્નાબેને સમાજને એક નવો રાહ ચિંધ્યો છે તેની હૃદયપૂર્વક અનુમોદના.

મિત્રો, આ ભગીરથ કાર્યને સફળતા અપાવવા યશનાં ભાગીદાર છે **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા),** સંસ્થાના પૂર્વ **સ્વ. શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ** અને **પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ તથા ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** જેઓએ શ્રી પાટણ જૈન મંડળને તેનાં ઈતિહાસમાં સર્વ પ્રથમવાર એક સાથે રૂ. ૮ કરોડની રકમ સમર્પિત કરવામાં મહત્વનું યોગદાન આપ્યું, જેનું આપણને સહુને ગૌરવ છે, આ સર્વે મહાનુભાવોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આપણાં નવાં વસતીપત્રકને DIGITAL રૂપે તેયાર કરવામાં આવી રહ્યુ છે. જેની Online link WhatsApp પર આપ સર્વેને મોકલી આપવામાં આવેલ છે. જે બહુ જ સરળ અને સહેલી છે જેની વિગતો પાના નં. ૧૭ ઉપર આપી છે. આપ સહુને નમ્ર વિનંતી છે કે વહેલામાં વહેલી તકે આપની વિગતો મોકલી આપશો તેવી આશા છે. બસ, તમે બધાં સાથ સહકાર આપતાં રહો. વસતી પત્રક માટે વધુમાં વધુ જાહેરખબર, વિજ્ઞપ્તી આપીને બહોળો પ્રતિસાદ આપશો તેવી મારી ભાવનાં છે. Graphik Design and Digital Link, Websiteનાં દરેક કાર્ય માટે ખુબ જ મહેનત અને નિષ્ઠા સાથે સુંદર કામ કરીને આપનાર માસ્ટર બ્લાસ્ટર શ્રી ભાવિક શાહને અને તેની ટીમને My Heartiest Congratulations.

**વધુ માટે જુઓ પાના નં. ૨**

**પાના નં. ૧ થી ચાલુ**

મેડિકલ કમિટી દ્વારા સમાજનાં સિનિયર સિટિઝનો અને ફેમિલી માટે ખુબ જ સારી મેડિકલ પોલીસી બાબતનું કાર્ય આગળ વધી રહયું છે. સમાજનાં પરિવારોને આ પોલીસી દ્વારા જરૂરથી તેમની મોંઘી સારવાર સમયે રાહત મળશે તેમાં કોઈ બેમત નથી. આ કમિટીનાં ચેરમેન શ્રી હેમંતભાઈ શાહ અને તેમની ટીમ બહુ જ ટૂંક સમયમાં પ્રતિબિંબનાં માધ્યમથી આપ સર્વેને સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપશે તે બદલ અભિનંદન.

**સપ્ટેમ્બરનાં આગામી બે પોગ્રામ**

**૧) ટ્રેડફેર**

**હોટલ તુલીપ સ્ટાર, જુહુ-વિલેપાર્લે (વેસ્ટ).**

**૨) ભવ્ય દાંડિયા રાસની રમઝટ**

**હોટલ તુલીપ સ્ટાર, જુહુ-વિલેપાર્લે (વેસ્ટ).**

આ કાર્યક્રમો બાદ મોટા પાયા પર સન્મુખાનંદ હોલ અને યોગી સભાગૃહ ખાતે અન્ય કાર્યક્રમો આયોજન કરવાની ઈચ્છા છે તે પણ બંન્ને મેગા ઈવેન્ટ થશે.

સમાજનાં જરૂરિયાતવાળાં પરિવારો માટે પરાં વિસ્તારમાં મેડિકલ સેન્ટર શરૂ કરવા બાબત પણ તૈયારીઓ ચાલુ છે, અન્ય સમાજનાં બે ત્રણ મડિકલ સેન્ટરોની મુલાકાત લઈને અભ્યાસ કર્યો છે. ગોરેગામમાં આપણાં જ પાટણનાં એક ભાઈએ લગભગ ૪૦૦૦ સ્કે.ફીટ ની જગ્યા મેડિકલ સેન્ટર માટે આપવાની તૈયારી બતાવી છે. એમની ભાવના અને લાગણી સામે નત મસ્તકે ઝુકી જવાનું મન થાય છે. ધન્ય છે પાટણ નગરીને.... આવાં વિરલાઓ આપણી સાથે છે. જેમનાં વચનો થકી અમારાં સહુનો ઉત્સાહ વધે છે.

મારાં પ્યારા મિત્રો, આપણે સહુ બહુ નસીબદાર છીએ, આપણી સંસ્થા અને સમાજને સુખી તથા સમૃધ્ધ બનાવવા માટે વર્ષ ૨૦૨૨-૨૦૨૩ શુકનવંતુ અને ફળદાયી નીવડયું છે. માત્ર તનથી જ નહી, મનથી જ નહી, પરંતુ ધનથી સેવા પ્રદાન કરનારા દાતા પરિવારો સાથે મળીને એક નવો સેતુ રચી રહયા છે. તેઓની સંવેદનાનાં સૂર સંભળાઈ રહયા છે.

**''સાથી હાથ બઢાના, સાથી હાથ બઢાના,**
**એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઊઠાના...''**

ખરેખર! વર્તમાનમાં તો બધાં સાથે મળીને એવી રીતે એકબીજાં સાથે જોડાઈ ગયા છે. તન, મન, ધનનાં ત્રિવેણી સંગમથી ફરીથી શ્રી પાટણ જૈન મંડળનું જાણે નવનિર્માણ કરવાનું છે, પાટણની જાહોજલાલી ફરી ઊભી કરવાની છે, એવો માહોલ ઉદાર દિલનાં સખાવતી દાતાઓએ ઊભો કર્યો છે.

**જીવન નિર્વાહ ભેટ યોજના**

**રૂા. ૩૧.લાખ**

સ્વ. શ્રી અતુલભાઈ ચંદ્રકાંત શાહ પરિવાર (અબજી મહેતાનો પાડો)
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

**રૂા.૧૧. લાખ**

શ્રીમતી કાનલબેન હીતેશભાઈ શાહ (કપુર મહેતાનો પાડો)
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ(માટલીવાળા) (કનાસાનો પાડો)

**મેડિક્લેઈમ પોલીસી ભેટ રૂા. ૨૦ લાખ**

શ્રી દિનેશભાઇ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**સમાજ નાં સિનિયર સિટિઝનોને શંખેશ્વર, પાલીતણાં,પાટણની તીર્થયાત્રા કરાવવા માટે જાહેર થયેલ ભેટ રૂા.૧૦ લાખ.**

શ્રી પંકજભાઇ નેમચંદ શાહ (પોળની શેરી)

આ બધાં દાતાઓનો આભાર તથા અનુમોદના.

ALL THE BEST.

❑ **દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)**


**એપ્રિલ-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| M/s. M.T. Madon Export | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી નીરૂપમાબેન વિનોદભાઈ શાહ હ. દિપાલીબેન, આશિષભાઈ (ભાભાનો પાડો)પાર્લા | ૨,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૧,૪૪,૦૦૦ |
| શ્રી સમસ્ત મહાજન | ૫૧,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૫,૦૦૦ |
| સેવા સંકલ્પ ફાઉન્ડેશન, શ્રીમતી કુસુમબેન સેવંતીલાલ ચુનીલાલ મણિયાર પરિવાર | ૩૫,૦૦૦ |
| શ્રીમતી રશ્મિબેન હરનીકભાઈ શાહ હ. રીદ્ધેશ, રીતીકા, (કોકાનો પાડો) ગોરેગામ | ૩૧,૦૦૦ |
| શ્રી અનીલભાઈ પનાલાલ શાહ (નેપીયન્સી રોડ) | ૨૫,૦૦૦ |
| સ્વ. ડિમ્પલબેન વિરેનભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી નિલ નિલેશભાઈ શાહ | ૧૮,૦૦૦ |
| શ્રીમતી સુધાબેન લલિતભાઈ શાહ | ૧૭,૦૦૦ |
| શ્રી શાંતિનાથ જૈન દેરાસર (અમદાવાદ) | ૧૫,૦૦૦ |
| શ્રી ગુજરાતી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મીનીસ્ટ્રીટ, ચેન્નઈ | ૧૧,૦૦૦ |
| શ્રી શાંતાબાઈ કિશોરચંદ્ર વર્ધન, ઘાટકોપર જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| શ્રી દલીચંદભાઈ જુગરાજભાઈ સાલેમ | ૧૧,૦૦૦ |
| શ્રી કેશવલાલ કીલાચંદ ઝવેરી | ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ (કુંભારીયાપાડો) ઝવેરીવાડો, નવસારી | ૧૧,૦૦૦ |
| શ્રી વિનોદિનીબેન બાલચંદભાઈ શાહ (ઝવેરીવાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી બકુલેશભાઈ હિંમતલાલ શાહ, ફ્રેન્ચ બ્રીજ | ૧૧,૦૦૦ |
| શ્રી નિતિનભાઈ પ્રતાપચંદ્ર શાહ (પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ, મુનીસુવ્રતદાદાના જન્મ કલ્યાણક નિમિત્તે | ૧૧,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાંતિનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કાંતિલાલ ચંદુલાલ શાહ, અંધેરી | ૧૧,૦૦૦ |
| શ્રી કુણઘેર જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| શ્રી વત્સલ ધર્મેશભાઈ શાહ, અમદાવાદ | ૧૯,૨૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

## શ્રદ્ધા સુમન



:: જન્મ ::
૦૩-૧૨-૧૯૩૨

:: દેહવિલય ::
૧૫-૦૬-૨૦૨૨

### શ્રી જે. કે. શાહ

જીવનની ઘટમાળ ઘડિયાળના કાંટે ફર્યા કરે છે, જીવન સફરમાં રોજબરોજ કશુંક અવનવું બનતું રહે છે, બનાવો વણથંભ્યા ચાલ્યા કરે છે, માનવ જન્મે છે, ઉછરે છે અને પંચમહાભુતમાં વિલીન થઈ જાય છે અને આ કાળમાં જ તેમના વ્યક્તિત્વનું ઘડતર થાય છે, તેમણે કરેલ સત્કાર્યોની મહેંક તેમની હયાતી પશ્ચાત પણ આપણી આસપાસ ફોરમ બની ફર્યા કરે છે. આવા જ એક માનવ એટલે પાટણ જૈન મંડળના પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી, માનદમંત્રી, પાટણ સમાજનાં આગેવાન શ્રેષ્ઠીવર્ય, વડીલ માર્ગદર્શક, **મુરબ્બી શ્રીયુત જે.કે. શાહ (ભાભાનો પાડો)નું તા. ૧૫-૦૬-૨૦૨૨ના** ૯૦ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુ:ખ અને તીવ્ર આઘાતની લાગણી અનુભવી છે.

શ્રી જે.કે. શાહે સમાજ અને સંસ્થાને અર્પેલ સેવાઓની નોંધ લઈ મંડળની તા. ૨૫-૦૬-૨૨ના મળેલ વ્યવસ્થાપક સમિતિની સભામાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી, નીચે મુજબનો શોક ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

**શોક ઠરાવ**

**શ્રી જે. કે. શાહે** શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૬૭થી જોડાઈ ૫૫ વર્ષ સુધી ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી ઘેઘૂર વડલાનું કામ કર્યું હતું. તેઓશ્રી ૧૫ વર્ષ સુધી ટ્રસ્ટી પદે રહેવા સાથોસાથ ૧૦ વર્ષ પ્રમુખ પદે, ૬ વર્ષ ઉપપ્રમુખપદે તથા ૩ વર્ષ માનદ્‌મંત્રી પદે બીરાજમાન થઈ તન-મન-ધનથી સક્રીયપણે સમાજ ઉપયોગી અનેકવિધ કાર્યો દ્વારા સંસ્થાની પ્રગતિમાં સિંહ ફાળો રહ્યો હતો.

**શ્રી જે.કે. શાહ** પાટણ સમાજમાં સર્વ પ્રથમ CA તથા સંસ્થાના પ્રથમ માનવંતા પ્રમુખ થયા હતા તે સમાજનું ગૌરવ છે. સદ્‌ગતશ્રીના વ્યવસાયિક સંબંધોને કારણે બહોળો પરિચય, તેમજ મિલનસાર વ્યક્તિત્વના પરિણામે સ્નેહી, સ્વજનોનું સુવિશાળ વર્તુળ તેઓ ધરાવતા હતા. હૈયાની ઉદારતા અને નમ્રતાને કારણે સૌ કોઈ તેમને આદરભાવથી નિહાળતા. સરળ સ્વભાવ અને મનની ઉદારતાથી સમાજના એક સદ્‌ગૃહસ્થ તરીકે આદરણીય મોભાનું સ્થાન ધરાવતા હતા.

પ્રતિષ્ઠિત વ્યક્તિઓના પરિચયના પરિણામે પોતાની વગ વાપરી સંસ્થાના અનેક ગુંચવણભર્યા પ્રશ્નોના સમાધાનકારી ઉકેલ લાવવામાં તેઓ માહિર હતા. સદ્‌ગતશ્રી સહકાર્યકરોને પ્રેરણા અને પ્રોત્સાહન આપી સમાજ સેવાના કાર્યો કરવા પ્રોત્સાહિત કરતા હતા. આવા સમાજ અને સંસ્થાના મોભી તથા આગેવાન સક્રિય સંનિષ્ઠ કાર્યકરના નિધનથી સંસ્થાને કાયમી ખોટ સાલશે.

મંડળના હાઉસીંગ પ્રોજેક્ટ, પાટણ બેન્ક, પાટણ પ્રતિબિંબ, સમૂહ લગ્ન, નુતનવર્ષ સ્નેહ સંમેલન જેવા વિવિધ સમાજ લક્ષી પ્રોજેક્ટોમાં સદ્‌ગતશ્રીનું મહત્તમ યોગદાન રહ્યું હતું. સમાજના વિકલાંગો માટે તેઓને અનહદ પ્રેમ અને લાગણી હતી જેના પરિણામે તેઓને વધુમાં વધુ સહાયક બનવાની ભાવનાથી દર વર્ષે તેઓ ગેટ ટુ ગેધરનું આયોજન કરી તેઓને ઉપહાર આપી આનંદ અનુભવતા. તેમજ દિવ્યાંગ યાત્રા પ્રવાસના સૌજન્ય દાતા બની, તેઓએ મુક આશિષ મેળવ્યા હતા.

પરિવારના મોભી સદ્દગત **શ્રી જે. કે. શાહના** અવસાનથી પરિવારજનોના દુ:ખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા સંસ્થાના કર્મચારીઓ દુ:ખની લાગણી અનુભવે છે, અને સાદર ભાવભીની આદરાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતશ્રીના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના. **ૐ શાંતિ:**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


FOODSS

# KPs Foodss

Spices, Ready Mixes, Catering Services & More

100 % VEG
FSSAI REGD.

| SPICES | MASALAS | PRE-MIXES | INSTANT MIXES | CATERING |
|---|---|---|---|---|
| • Elaichi Powder | • Jiraalu | • Punjabi Gravy - Red, Green, White, Golden | • Upma | • Parties / Events |
| • Red Chilli Flakes | • Sp. Chai Masala | • Pasta n Pizza sauce | • Poha | • Packed lunch / Thali |
| • Green Chilli Fakes | • Premium Chai Masala | • Khowsuey | • Bhaaji (Pav Bhaaji) | • Snack Boxes |
| • Jalepeno Flakes | • Chaas Masala | • Puranpoli filling | • Sheera | • Tiffin service |
| • Variety of Kokum | • Thandai Masala | & More | • Soups | • Chocolates / Desserts |
| & More | & More | | & More | & More |

All Our Items Are Available In JAIN Version. Items Can Be CUSTOMISED As Per Requirement.

Our Products Are Homemade Using High Quality Ingredients

We Accept RETAIL And WHOLESALE Orders. FRANCHISE OPPORTUNITY AVAILABLE.

CONTACT : +91 7506587631 | +91 9769693096

ADVT

# મુમુક્ષુ ચિ. ઝીલનુ અભિવાદન



તિલક કરતા શ્રીમતી ભાવીનીબેન



સન્માનપત્ર એનાયત કરતા હોદ્દેદારો



સન્માનપત્ર એનાયત કરતા મહોલ્લાના ભાઈઓ

વૈરાગ્યનું અમૃતાંજન સ્પર્શે છે કોઈ વિરલ આંખોને પણ જે આંખોને અડે છે તે આંખમાં દ્રષ્ટિનો નવો જ ઉઘાડ થાય છે અને પછી સાંસારિક સુખના સંમોહક સલિલ ભ્રામિક મૃગજળ તરીકે ઉઘાડા પડે છે અને પછી પેલી નિર્મળ નીરની અધિરાઈમાં પરિવર્તન થાય છે, સાચા સુખની અભિપ્સા વેગ પકડે છે અને એજ ભાવ ભવ્ય પરાક્રમ 'પ્રવજ્યા' સુધી પહોંચાડે છે, આવી જ કેડીએ વિહાર કરવા થનગની રહેલ વખતજીની શેરીના શ્રી નિલેશભાઈ જયકુમાર પોપટલાલ શાહની સુપુત્રી મુમુક્ષુ **ચિ. ઝીલનું** અભિવાદન શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ગુરુવાર તા. ૨૬-૦૫-૨૦૨૨ના સંધ્યા ટાણે મંડળના સભાગૃહ ખાતે એક સમારંભનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રીમતી ભાવીનીબેન જનકકુમાર શાહ દ્વારા તિલક તથા માળા અર્પણ કરવામાં આવેલ તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી દાનેશભાઈ તથા ટ્રસ્ટી શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહના વરદ હસ્તે સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ જેનું વાંચન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ દ્વારા કરવામાં આવેલ.

આ સમયે વખતજીની શેરીના ભાઈઓ તરફથી પણ સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ દ્વારા રસપ્રદ શૈલીમાં કરવામાં આવેલ.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અનીશભાઈ અભયભાઈ પટણી | ૨. | શ્રીમતી પંક્તિબેન સતિષભાઈ ચંદુલાલ શાહ |
| ૩. | શ્રીમતી કલ્પનાબેન અભયભાઈ પટણી | ૪. | શ્રીમતી પરેશાબેન મહેશભાઈ આર. શાહ |
| ૫. | શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ | ૬. | શ્રી શરદભાઈ કુસુમચંદ્ર શાહ |
| ૭. | શ્રીમતી પલ્લવીબેન શરદભાઈ શાહ | ૮. | શ્રી સાહીલભાઈ શરદભાઈ શાહ |
| ૯. | શ્રીમતી બીનલબેન સાહીલભાઈ શાહ | ૧૦. | શ્રી પરેશભાઈ હરીભાઈ શાહ |
| ૧૧. | શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ | ૧૨. | શ્રી નિલેશભાઈ વિનોદચંદ્ર ઝવેરી |
| ૧૩. | શ્રી હિતેશભાઈ વસંતલાલ શાહ | ૧૪. | શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ |
| ૧૫. | શ્રીમતી પ્રિતીબેન હરેશભાઈ શાહ | ૧૬. | શ્રીમતી વર્ષાબેન શૈલેષભાઈ જયંતિલાલ શાહ |
| ૧૭. | શ્રી કેતનભાઈ સેવંતીલાલ શાહ | ૧૮. | શ્રીમતી રશ્મિબેન ભરતભાઈ શાહ |




## તંત્રી સ્થાનેથી...

# તમે શું વિચારો છો ?

એક બહુ મોટા ઉદ્યોગપતિ પાસે ધનની રેલમછેલ હતી. અઢળક સંપત્તિ, સુખ-સગવડોથી ભરપુર તેનું અને તેના પરિવારનું જીવન હતું. આમ છતાં આ ઉદ્યોગપતિ સવારથી રાત સુધી તનતોડ મહેનત કરતા.

તેમની ફેક્ટરીમાં કામ કરતો એક મજૂર એક દિવસ ઉદ્યોગપતિને મળવા તેમની કેબિનમાં આવ્યો. ઉદ્યોગપતિએ પ્રેમથી, હસતાં મોઢે તેને આવકાર્યો અને મજૂરને શું કોઈ તકલીફ છે ? કંઈ જોઈએ છે ? તેમ પૂછ્યું. મજૂરે કહ્યું: 'ના ! સાહેબ મને કશું જ જોઈતું નથી આપને ત્યાં કામ કરીને હું ખૂબ જ સુખી છું, પણ મને એક વાત સમજાતી નથી. તમારી પાસે આટલી બધી સંપત્તિ છે છતાં તમે આટલું બધું કામ કેમ કરો છો ? તમે કામ ન કરો તો પણ તમારી સાત પેઢી આરામથી જીવી શકે તેટલું તમારી પાસે છે. તો પછી આટલી મહેનત ને પરિશ્રમ શા માટે કરો છો ?'

ઉદ્યોગપતિએ ખુબજ નમ્રતાભાવે કહ્યું કે, 'જો ભાઈ, મારા ઉપર માત્ર મારા પરિવારની જ જવાબદારી નથી મારા કારખાનાઓમાં હજારો માણસો કામ કરે છે, તે બધાના પરિવારની જવાબદારી મારા ઉપર છે. જો મારું એક કારખાનું બંધ થાય તો કેટલાંય લોકોના ઘરમાં ચૂલા નહીં સળગે. મારો પરિવાર તું માને છે તે કરતાં ઘણો મોટો છે. મને મારી સાત પેઢી કરતાં મારા કામદારોના એક ટંકની વધુ ચિંતા છે.'

માણસ ક્યારેય પણ નાનો કે મોટો હોતો નથી. એના પોતાના જ એટલે કે સ્વના વિચારો થકી જ તે નાનો અથવા મોટો બને છે. માણસ જેમ મોટો થાય તેમ તેના વિચારો પણ વિશાળ થવા જોઈએ અને સૌથી મોટો વિચાર તો એજ આવવો જોઈએ કે પોતાના ભાગે જે કામ આવ્યું છે, તે શ્રેષ્ઠ રીતે કરવાનું છે. શ્રેષ્ઠતાની લાગણી જ માણસને સુખનો અહેસાસ કરાવે છે.

'ભારત રત્ન'નો ઈલકાબ માત્ર ૪૦ વર્ષની ઉંમરે પ્રાપ્ત કરનાર અને દેશ-વિદેશની પ્રજાનાં દિલમાં સ્થાન મેળવનાર સચિન તેંડુલકર પણ આમ જ વિચારતો હતો. આ વિચારોએ તેને મક્કમતા સાથે આગળ વધવાની પ્રેરણા આપી. તેનામાં પણ ક્રિકેટ મેચ રમતી વખતે માત્ર પોતાનું જ નામ નહીં, પણ ભારત દેશનું નામ રોશન કરવાની ભાવના હતી. જે તેનું ઉત્તરદાયિત્વ હતું. એ સ્વીકારીને કર્તવ્ય પરાયણતા, નૈતિકતા, સમર્પણની ભાવના અને સ્વભાવમાં નિર્મળતાના ગુણો કેળવ્યાં હતા. પ્રત્યેક ક્ષણ તેના માટે કિંમતી બની રહેતી. આ ગુણોની પરિપક્વતાએ જ તેને અદ્ભુત સફળતા અપાવી.

કોલ્ટન નામે અંગેજ લેખક કહે છે: માણસે પોતાના વિશે હંમેશા સારા વિચારો કરવા જોઈએ. એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે. માણસ જેવા વિચારોનું સેવન કરે તેવુંજ વાતાવરણ તેની આસપાસ રચાય છે.

માણસોના વિચારોમાં પરિપક્વતા જોઈએ. તો જ સ્વને ઓળખી શકે, જાણી શકે. જ્યાં સુધી માણસ પોતાની જાતને જ સમજતો નથી ત્યાં સુધી એના જીવનની દિશા શૂન્ય છે. તે અન્યો સાથેનાં પોતાના સંબંધો, વહેવારો, લાગણીઓને બરાબર સમજી શકતો નથી જાણી શકતો નથી તેની આખી જિંદગી એક યા બીજી રીતે બીજા સાથેના એડજસ્ટમેન્ટમાં જ વીતી જાય છે.

પ્રત્યેક માણસને સ્વતંત્ર વિચાર શક્તિ અને સ્વતંત્ર વિવેક બુદ્ધિની સર્વોત્તમ ભેટ મળેલી છે. પરંતુ માણસ વિચારશૂન્ય અને વિવેકહીન બનીને સમજણના અભાવથી જીવન જીવે છે. ત્યારે નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. તે કંઈજ સારું કરી શકતો નથી.

દરેક માણસ સુખી અને સમૃદ્ધ થવા ઈચ્છે તે સ્વાભાવિક છે. પણ જ્યાં સુધી પોતાને સુખી માનતો નથી ત્યાં સુધી ક્યારેય સુખી થઈ શકતો નથી. દરેક માણસે વિચારવું જોઈએ કે તે સારો માણસ છે. સારા કાર્યો કરવા માટે જ ઈશ્વરે તેને આ પૃથ્વી પર મોકલ્યો છે. પોતાની પાસે જે કંઈ છે તેને વધુ સારું બનાવવાનો પ્રયત્ન કરીને શ્રેષ્ઠતા સાબિત કરવાની છે.

રવિન્દ્રનાથ ટાગોરે ખુબજ સુંદર અને માર્મિક વાત કહી છે: હું વર્ષોથી પરમાત્માનું નિવાસ સ્થાન, એમનું સરનામું શોધતો હતો. અચાનક મને એમનું સરનામું મળ્યું. એક રાત્રે ધીમા પગલે હું એમના નિવાસસ્થાને પહોંચ્યો. ખુબ જ હળવા પગલે દાદર ચડ્યો દરવાજા પર જોયું તો એમનું નામ પણ હતું. નીરવ શાંતિના એ વાતાવરણમાં દરવાજા પર રહેલી ડોરબેલની સ્વીચ પર આંગળી મૂકી મને લાગ્યું કે બસ ! હવે પળવારમાં જ મારું મિલન પરમાત્મા સાથે થઈ જ જશે. પણ અચાનક બીજી જ ક્ષણે મે ડોરબેલના બટન પરથી આંગળી ઊંચકી લીધી. મને વિચારો આવ્યા કે મારે તો હજુ ઘણાં અધૂરા કામ કરવાના બાકી છે જો હું પરમાત્માને મળી લઉ તો પછી શું ?

રાત દિવસ મનમાં ચાલ્યા કરતાં મારા વિચારો મુજબના નવા-નવા આયોજનોનું શું ? પરમાત્મા પાસે તો માત્ર ને માત્ર પૂર્ણ વિરામ જ છે. એ તો મને પછી કોઈની સાથે મળવા જ નહીં દે જિંદગીભર મારા વિચારો, મારી ઈચ્છાઓનું તેલ પૂરીને જે મશાલ પ્રગટાવી છે. તેને શું આમ એક પળમાં બુઝાવી દેવાની... ? અને હું ગભરાઈ ગયો. ચોર પગલે પાછળ ફરીને જોયા વગર દાદર ઉતરી ગયો. બસ ! એ પછી બધે જ જાઉ છું, પણ પરમાત્માના એ નિવાસસ્થાન તરફ જવાના વિચારો ક્યારેય નથી કરતો.

માણસ એવો જ બને છે, જેવું તે પોતાના માટે વિચારે છે, બાય ધ વે, તમે શું વિચારો છો ? બસ, એવું જ વિચારજો કે જે તમને સુખી કરે અને આસપાસના લોકોને આનંદ મળે.

"Let the Noble Thoughts come from All the Directions"

❑ **ભારતી બી. શાહ**
**સંપાદક સમિતિ**

# SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI-400020. No. .................

## Application form for TRADE FAIR CUM EXHIBITION

**Sunday, 25th September 2022**

**Venue : Hotel Tulip Star (Juhu) • 10 am to 6 pm**

Photo

1. Full Name ______________________
2. Mohallo ______________________
3. Residential Address ______________________
4. Contact Number ______________________
5. Email ______________________
6. Participated in PJM Trade Fair @ Vile Parle? Yes\No 7. Participated in @ sahara star? Yes\No
8. Sales generated from previous Trade Fair ______________________
9. Category of product\service ______________________
10. Details about product\service ______________________

**Stall Category (Width X Depth in Meters)**

**Premium : ✱ 3m X 3m (25,000/-) ✱ 5m X 3m (40,000/-) ✱ 5m X 5m (60,000/-)**

**General : ✱ 2m X 2m (5,000/-) ✱ 3m X 2m (10,000/-) ✱ 3m X 3m (15000/-)**

**NOTE:-**

1. Stall Owners need to be of Patan Origin.
2. Forms needs to be submitted with stall rent from **9th July 2022** at any of the office address Before **20th July 2022**.
3. Submission of form and stall rent does not confirm your booking. Also note Final confirmation of stall booking & allotment of the same will be at PJMs committee's discretion.
4. Food item / Product / Service details - Provide complete list and details of your food items- **Compulsory Jain Food / Products only.**
   a. The same needs to be approved in advance by PJM Committee. Without which they will not be allowed in the premises.
   b. No live food counters are allowed.
   c. You can bring oven to heat food items.
   d. All food items need to packed \ wrapped.
   e. All approvals and allotments will be at PJM Committees discretion.

**For the security reasons all jewellery stalls will be included in premium category only.**

(Name: ______________________ Signature ______________________)

-----------------------------------------------------------------------------------

**For PJM Office Use Only** No. .................

Category ______________________ Stall No ______________________ Approved By ______________________

----------------------------------CUT HERE----------------------------------

Below needs to be given to participant while submitting the form. Please note this receipt does not confirm your booking

Received a Sum of ______________________ from ______________________

by (Sign by PJM Comm. Mem.) ______________________ on (date) ______________________

# SHREE PATAN JAIN MANDAL

## Proudly Announces

## 4th TRADE FAIR & EXHIBITION

**25th September 2022, Sunday, 10.00 am to 6.00 pm**

**Venue: Hotel Tulip Star, Vile Parle (West)**

**Young Entrepenurs** નો ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર Forth Trade Fairનું સહર્ષ આયોજન કરેલ છે. જેમાં ૧૫૦ સ્ટોલોનું આયોજન કરેલ છે.

ત્રીજા ટ્રેડફેરના સ્ટોલ ધારકોના અભિપ્રાય અનુસાર આ વખતે મોટા સ્ટોલોનો સમાવેશ વધુ સંખ્યામાં કરવામાં આવશે જેનો સમાજના ધંધાદારી વર્ગે મોટા પ્રમાણમાં લાભ લેવા વિનંતિ.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક **BIG TASK** બની રહેશે.

સમિતિના કાર્યકર્તા અને સમાજના વ્યવસાયિકોના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો યશસ્વી ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ બમણો કરી દીધેલ છે.

**તો ચાલો આપણા સમાજને સમૃદ્ધ કરવા ટ્રેડફેરને સફળ કરીએ.**

### ATTRACTIONS OF 4th TRADE FAIR

1. Hotel Tulip Star centrally located in city
2. Grand AC Banquet and Super AC Dome.
3. Nearby Vile Parle (West).
4. Space for parking with valet service.
5. Free Tea, Coffee, biscuits & mineral Bottle served.

### FORMS COLLECTION & SUBMISSION CENTER

**MARIN DRIVE** : PJM, HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346

**GOREGAON** : PJM, Goregaon, Roopam, 152 Jawahar Nagar, Goregaon West Mumbai 400062, Phone: 9152998865

**BORIVALI** : PJM, Borivali, 23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali East, Mumbai 400068, Phone: 28911308

**BHAYANDER** : Nileshbhai Kantilal Shah : Patani Agency: 6/7, Tapovan Vidhyalay, Opp. Sairam Tower, Indralok Face - 4, New Goldnest, Bhayander (E), Thane 401101, Tel: 9321150160

**VILE PARLE** : Janakbhai Arvindkumar Shah, 202, 2nd Floor, Siddhachal Building, Next to Cosmos Bank, Hanuman Road, Vile Parle (E), Mumbai-400057 Mo. 9820064668

## STRONG PILLARS OF DANDIYA RASS & TRADE FAIR

- BHAGVATIBEN VINODCHANDRA MATLIWALA PARIVAR
- KIRTIBHAI BALUBHAI SHAH PARIVAR - SOMIRA DIAMONDS
- BHAGVATIIBEN KANTILAL SALVI PARIVAR
- RAMESHBHAI CHHABILDAS JHAVERI PARIVAR
- HASUMATIBEN RAMESHCHANDRA SHAH PARIVAR HASTE MONIKABEN
- TRUSHALI SAURINBHAI SHAH PARIVAR
- SMT. SUREKHABEN JASWANTLAL SHAH PARIVAR
- KINNARIBEN DIPAKKUMAR SHAH PARIVAR HASTE FILCO TRADE CENTRE AHMEDABAD

❑ **Ecominomic Upliftment Committee**

**Shri Janakbhai Arvindkumar Shah (1st Vice President)**

**Secretaries :**

**Shri Sanjaybhai Sudhirbhai Shah**

**Shri Nikhilbhai Mahendrabhai Banker**

**Shri Sandipbhai Pramodbhai Shah (Teliyawala)**

## આવા પણ કોઈક વિદ્યાર્થી હોય છે ખરા..

'નમસ્તે સાહેબ' પ્રભુદાસ યાને પ્રભુ હાઈસ્કૂલના આચાર્યની કેબીનમાં જઈ ખરા દિલથી આચાર્યને પગે લાગ્યો.

સાહેબ મને ઓળખ્યો ? હું પ્રભુદાસ શંકરલાલ પટેલ આપની શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી આપને તથા મારા ભૂતપૂર્વ શિક્ષક માનનીય શ્રી અરવિંદભાઈ ભટ્ટસાહેબને મળવા આવ્યો છું. પ્રભુએ પોતાનો પરિચય આપતા કહ્યું, 'સાહેબ ભૂતકાળમાં જ્યારે હું વિદ્યાર્થી હતો અને અહીં ભણતો હતો ત્યારે ભટ્ટ સાહેબની વિનંતીથી આપે મને જે આર્થિક મદદ કરી હતી તેનું ઋણ ચૂકવવા આવ્યો છે.'

પ્રભુદાસની ઋણ ચૂકવવાની વાત સાંભળી આચાર્યના ચહેરા પર થોડીક આનંદની લહેર આવી. કંઠમાં થોડી ભીનાશ આવી અને બોલ્યા, તમારી ઓળખાણ પડી નહીં. થોડીક ઉંડાણથી વાત કરો એટલે ખ્યાલ આવશે.

હા ! સાહેબ તે સમયે હું બાર વર્ષનો હતો અને આઠમાં ધોરણમાં ભણતો હતો માસિક ફી પાંચ રૂપિયા હતી. સ્ટાફ મિટિંગમાં આપે ફીની કડક ઉઘરાણી કરવા શિક્ષકોને સૂચન કરેલું અને તે બાબતની નોટિસ કાઢેલી કે જે વિદ્યાર્થીની ફી બાકી હોય તેને ક્લાસમાં બેસવા દેવો નહીં.

મારા પિતાની ખાસ આવક નહીં. હું વર્તમાનપત્રોની ફેરી કરીને ફીની રકમ મેળવી લેતો હતો. મારા વર્ગ શિક્ષક આ વાત જાણતા હતા. મારા વર્ગના બધા વિદ્યાર્થીઓ ફીની રકમ જમા કરાવી શક્યા. પણ તે માટે મારી અશક્તિ હતી હું રડી પડ્યો તે સમયે વર્ગ શિક્ષકને માસિક ૫૦ રૂા. નો પગાર મળતો હતો. હું તેજસ્વી વિદ્યાર્થી હતો અને મારી આર્થિક સ્થિતિ તેઓ જાણતા હતા, એટલે મારી ફીની રકમ તેમણે શાળાની ઓફિસમાં જમા કરાવી દીધી.

તેઓ તમને મળવા આવ્યા અને મારી પરિસ્થિતિની જાણકારી આપી મને ફી માફ કરી આપવા આપને વિનંતી કરી પણ આપે ના પાડી.

બીજા દિવસે વર્ગ શિક્ષકે ફરીવાર આપને વિનંતી કરી ત્યારે આપશ્રીએ ભટ્ટસાહેબને કહેલું, કે ઓફિસના કામમાં દખલગીરી કરવી હોય તો છૂટા થઈ જાવ.

ભટ્ટ સાહેબ સ્વમાની હતા, સચ્ચાઈના પંથે વિહરનાર હતા, તેઓ માત્ર શિક્ષણપ્રેમી જ નહોતા વિદ્યાર્થી પ્રેમી હતા, તેથી વિદ્યાર્થીઓ પણ તેમને ચાહતા હતા. ભટ્ટસાહેબે તરત જ રાજીનામાનો પત્ર તૈયાર કરી તમને આપ્યો અને ફરી એકવાર મારા માટે માફી આપવા ભલામણ કરી. આપ સમજી ગયા અને રાજીનામાનો કાગળ તેમના દેખતા જ ફાડી નાખ્યો અને મારા જેવા ગરીબ વિદ્યાર્થીઓને ફી માફી કરી આપવાનું વચન આપ્યું.

સાહેબ, આપની અને ભટ્ટ સાહેબની કૃપાથી મેટ્રિકમાં ૯૫ ટકા માર્ક લાવી ઉત્તીર્ણ થયો. આપે મારું અને શિક્ષકોનું બહુમાન કર્યું.

અત્યારે, અમેરિકામાં સિલીકોન વેલીમાં આઈ.ટી. ક્ષેત્રે મારી નામના છે. અમેરિકા જઈને એન્જિનિયરીંગ ક્ષેત્રે જવા માટે મારી જ્ઞાતિના વડીલોએ અને મારા હિતેચ્છુઓએ મને સહાય કરી હતી. આ બધાનો હું ઋણી છું, અને એ ઋણ ચૂકવવા જ ભારત આવ્યો છું.

પ્રભુદાસની વાતચીત સાંભળી આચાર્યએ પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું, ''તમારી સાથેની વાતચીતથી મને ઘણું જ્ઞાન થયું છે, શિક્ષણને વ્યાપાર ન માનતા, વિદ્યાર્થીઓના હિતમાં આચાર્યો, શિક્ષકો અને સમાજ જો પ્રયત્નશીલ બને તો આપણો દેશ 'સુજલામ સુફલામ' બની અમેરિકાને પણ ટક્કર મારે.''

સાહેબ ! ફૂલ પાંખડીરૂપે આ પચ્ચીસ લાખ રૂપિયાનો ચેક આપું છું. તે સ્વીકારશો તેનું ટ્રસ્ટ કરીને તેની વ્યાજની આવકમાંથી તેજસ્વી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરશો તેવી મારી અપેક્ષા છે, મારો કોન્ટેક્ટ નંબર આપું છું ફરી ફરી ચેક મોકલાવતો રહીશ.

સાહેબ ! મારી શાળાના ગુરુજીને કેમ ભૂલાય ? આજે હું જે ક્ષેત્રમાં નામના મેળવી ચૂક્યો છું તેના પાયામાં તો આ સ્કૂલ, આપશ્રી તથા મારા વર્ગ શિક્ષક ભટ્ટ સાહેબ છો તે માટે આપનો આભારી છું.

''વિદ્યા દાન શ્રેષ્ઠ દાન છે''

સંકલન : ભારતી શાહ

વાચક મિત્રો !

આ સત્યઘટના આપની સમક્ષ મૂકતા ગર્વ થાય છે કે તાજેતરમાં આપણી પાટણની સ્કૂલનાં એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ આવી જ રીતે સંસ્થા સંચાલિત સ્કૂલને યાદ કરીને રૂા. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો છે. પ્રમુખશ્રી દાનેશભાઈ શાહ (માટલીવાળા) એ બિરલા માતુશ્રી સભાગૃહ કાર્યક્રમ સમયે પોતાના વક્તવ્યમાં આવી જ વાત કરી હતી તેને અનુસરીને આ લેખ મુક્યો છે.

### દાન-ભેટની રકમ મોકલવા
### NEW DIGITAL SYSTEM

## મંડળનું ડિજીટલ તરફ પ્રયાણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા કાર્યરત વિવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃતિઓમાં દાન કે ભેટ, આજીવન સભાસદની રકમ, તેમજ ક્રિકેટ ટુર્નામેન્ટ અથવા અન્ય આયોજનોમાં રજિસ્ટ્રેશન ચાર્જીસ ઈત્યાદી ભરવા સમાજના મુંબઈ કે બહારગામ વસતા પરિવારોને કાર્યાલય સુધી રૂબરૂ જવાના બદલે, **ઘર બેઠા ડાયરેક્ટ ડિજીટલ રકમ ટ્રાન્સફર કરી શકાય તેવા શુભ આશયથી રૂપિયા ૧ લાખ સુધીની રકમ હવેથી Gpay, Phone Pe, Paytm, Bhim, Bharat Pe ઈત્યાદિ UPI System એપ્લિકેશનોના માધ્યમથી નીચે જણાવ્યા અનુસારના QR Code થી તમો તમારી રકમ જમા કરાવી શકો તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

આ સુવિધા મારફત રકમ મોકલવા ઈચ્છુક વ્યક્તિઓએ સહુ પ્રથમ શ્રી પાટણ જૈન મંડળના મોબાઈલ નં. 9167902267 ઉપર ફોન કરી શ્રીમતી પ્રિયાબેન સાથે તેની સંપુર્ણ વિગતો આપવાની રહેશે, ત્યારબાદ QR Code થી રકમ ટ્રાન્સફર કરી શકાશે.

**શ્રી પાટણ જૈન મંડળનું ડિજીટલ દુનિયામાં પ્રથમ ડગલું...**

# લોઢાધામ-મહાવીરધામ યાત્રા પ્રવાસ



શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ જીવન સૌરભ સમિતિએ રવિવાર, તા. ૦૫-૦૬-૨૦૨૨ના રોજ લોઢાધામ - મહાવીરધામ જાત્રામાં મહોરેલા ગુલમહોરની સૌએ ઉમળકાભેર ઊજાણી કરી.

કોરોનાના કપરા કાળબાદ સમવયસ્કો સાથેની અતિતની અવિસ્મરણીય સ્મૃતિના સાહજીક સંભારણાની અદ્વિતિય મહેફીલને વરિષ્ઠ નાગરિકોએ મન મુકીને માણી અને મહેકાવી.

શ્રી પાટણ જૈન મંડળ મરીન ડ્રાઈવ, ચોપાટી, વાલકેશ્વર, વિલેપાર્લા, ગોરેગામ, બોરીવલી, ભાયંદર તથા મધ્ય મુંબઈના વિવિધ સ્થળોએથી સવારે ૬.૩૦ કલાકે પ્રસ્થાન કરી વસઈની નજીક જુચંદ્ર ખાતે ક્રમાનુસાર બસો દ્વારા લોઢાધામ પહોંચ્યા, જ્યાં શ્રી સીમંધર સ્વામી દાદાના દર્શન કર્યા. અંદાજે ૩૦૦ વરિષ્ઠ નાગરિકો, દાતાઓ, સંસ્થાના ઊચ્ચ હોદ્દેદારો અને જીવન સૌરભ સમિતિના સભ્યોએ લિજ્જતદાર નવકારશી માણી.

લોઢાધામથી રવાના થયેલ બસો વારાફરતી વિરાર ટોલનાકા નજદિક શીરસાડ ગામમાં આવેલ શ્રી મહાવીર સ્વામી દાદાના દરબારે પહોંચ્યા, જ્યાં સ્નાનાદિથી પરવારી જિનાલયના રંગમંડપ ખાતે સુંદર ભાવવાહી સ્નાત્ર મહોત્સવ શ્રી જીજ્ઞેશભાઈ અને સાથી વૃંદ દ્વારા ભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યો તેમજ આરતી-મંગળદીવો તથા શાંતિકળશ કરી પ્રભુજીને વધાવવામાં આવ્યા.

આ પ્રસંગે યાત્રા પ્રવાસના મુખ્ય દાતા શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ, સહાયક દાતા શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ (માટલીવાળા), શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિલાલ શાહ શાહ તથા શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહનું તેમજ મહાવીરધામના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ પડિયાનો મંચસ્થ સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખો, માનદમંત્રીઓ, શ્રીમતી શિલ્પાબેન હિતેનભાઈ વીમાવાળા, શ્રીમતી માલીનીબેન જયેશભાઈ શાહ ઈત્યાદિ તેમજ પૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહના વરદ હસ્તે શાલ તથા માળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યુ હતું.

બપોરના ભોજન પશ્ચાત શ્રી જીજ્ઞેશભાઈ અને સાથીવૃંદ દ્વારા સુંદર ગીત-સંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે યોજાયેલ દાતાશ્રીના અભિવાદન પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહે (વીમાવાળા) પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ''શ્રી પાટણ જૈન મંડળની જીવન સૌરભ સમિતિ દ્વારા આજે લોઢાધામ અને મહાવીર ધામ ખાતે સમાજનાં વડીલો માટે જાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે, તેમાં સમાજનાં વડીલોનો ખૂબજ બહોળા પ્રમાણમાં ઉત્સાહ સાંપડેલ છે, જે વડીલોને વંદન કરી તેઓને આવકારતાં ખૂબજ હર્ષની લાગણી અનુભવું છું.''

આ આયોજનના ખર્ચમાં સહાયક થવાની ભાવનાથી દાતાશ્રી જશવંતભાઈ મણિલાલ શાહ, શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિભાઈ શાહ, શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહે ઉચિત આર્થિક યોગદાન આપેલ છે તે બદલ તેઓનો આદર સાથે આભાર ભાવ વ્યક્ત કરતાં આનંદ અનુભવું છું.









આજના કાર્યક્રમની સફળતા બદલ સાથ-સહકાર બદલ સૌ સમિતિના સભ્યોને અભિનંદન.

પ્રમુખ સ્થાનેથી શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે પોતાના વક્તવ્યમાં દાતા પરિવારો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ જીવન સૌરભના ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) તથા માનદમંત્રીઓ શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ, શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ તથા અન્ય સમિતિના સભ્યોની સેવાને અદ્વિતિય ગણાવી હતી. સાથોસાથ સંસ્થા દ્વારા રૂા. સવા લાખ તથા માસિક રૂા. ૧૦૦૦/- ના દાન આપી આપશ્રી પણ દાતા બની શકો છો, તેવી હૃદયસ્પર્શી જાહેરાતના પ્રતિપાદન રૂપે ઉપસ્થિત જન સમુહમાંથી નીચેની વિગતે દાનની રકમો જાહેર કરી મન મુકી વરસાવી સંસ્થાની જોળી છલકાવી દેવામાં આવેલ તે બદલ તેઓ સૌ દાતાઓ પ્રતિ આદર સહ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**રૂા. સવા લાખ આપનાર દાતાશ્રીઓ**

(૧) શ્રી અનીશભાઈ અભયભાઈ પટણી (મનમોહનજીની શેરી)
(૨) શ્રીમતી કલ્પનાબેન અભયભાઈ પટણી (મનમોહનજીની શેરી)
(૩) શ્રીમતી પંક્તિબેન સતીષભાઈ ચંદુલાલ શાહ (ઝવેરી વાડો)
(૪) શ્રીમતી સુરેખાબેન મહેશકુમાર આર. શાહ (કપુર મહેતાનો પાડો)

**માસીક રૂા. ૧૦૦૦/- મુજબ કુલ ચોવીસ હજારના દાતાશ્રીઓ**

(૧) શ્રીમતી હેમાબેન દર્શનભાઈ ખાંડવાલા (ધીયાનો પાડો)
(૨) ચિ. આધ્યા વિરલભાઈ ખાંડવાલા (ઘીયાનો પાડો)
(૩) શ્રી દિપકભાઈ બાલુભાઈ શાહ (પોળની શેરી)
(૪) શ્રી દિપકભાઈ શાંતિલાલ શાહ (અજીતનાથની પોળ)
(૫) શ્રી કુનાલભાઈ ભાવેશભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
(૬) શ્રી રસિકલાલ અંબાલાલ શાહ (લખિયારવાડો)
(૭) શ્રીમતી પ્રજ્ઞાબેન દિનેશભાઈ શાહ (કનાસાનો પાડો)
(૮) શ્રી દિલીપભાઈ બાબુલાલ શાહ (ચોધરીની શેરી)
(૯) શ્રીમતી શાંતાબેન લલિતચંદ્ર શાહ (ખજુરીનો પાડો)
(૧૦) શ્રી નરેશભાઈ શાંતિલાલ શાહ (કસુંબીયા વાડો)
(૧૧) શ્રી વિરેન્દ્રભાઈ રસિકલાલ સફરી (ગોદડનો પાડો)
(૧૨) શ્રી પિયુષભાઈ સેવંતીલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
(૧૩) શ્રી મીહીર અજીતભાઈ શાહ (લીમડીનો પાડો)
(૧૪) શ્રી સતીષભાઈ રમણલાલ પરીખ (કસુંબીયા વાડો)
(૧૫) શ્રીમતી ઈન્દુબેન કીર્તિલાલ ઝવેરી (મણિયાતી પાડો)
(૧૬) શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ (કનાસાનો પાડો)
(૧૭ શ્રી નવલભાઈ દુષ્યંતભાઈ શાહ (સાલવીવાડો)
(૧૮) શ્રી બીપીનભાઈ ચીમનલાલ શાહ (અજીનાથની પોળ)

આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ દ્વારા સપ્ટેમ્બર માસમાં યોજાનાર દાંડિયારાસ તથા ટ્રેડફેરની ટૂંકમાં માહિતી આપવામાં આવી હતી.

મંડળના ટ્રસ્ટી તથા યાત્રા પ્રવાસના મુખ્ય સૌજન્ય દાતાશ્રી જશવંતલાલ મણિલાલ શાહ દ્વારા ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલ વૃદ્ધજનોની વેદનાનો ચિતાર આપવામાં આવેલ તેમજ તેઓની એકલતા દૂર કરવા સંસ્થાએ યથાયોગ્ય પગલા લેવા આહવાન આપવામાં આવ્યો હતો.







આ અવસરે સંસ્થાના ભૂતપૂર્વ ખજાનચી શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ શાહે આજના યોજાયેલ યાત્રા પ્રવાસ બદલ શ્રી હિતેનભાઈને બિરાદવવામાં આવ્યા હતા. તેમજ સંસ્થા દ્વારા સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓમાં સહાયની રકમ વધારવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

અંતે આભારવિધિ પ્રગટ કરતા જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રી શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ દ્વારા સહુ સિનિયર સિટિઝનોનો, જાત્રા પ્રવાસના આર્થિક દાતાઓશ્રીઓનો આભાર પ્રગટ કરી, અનુમોદના કરવામાં આવી હતી.

જાત્રા પ્રવાસ દરમ્યાન મહાવીરધામ ખાતે ૫૦ થી અધિક સાધુ - સાધ્વીજી ભગવંતો પધારેલ, જેઓને વિનંતી કરતા ગોચરી, પાણી વહોરાવવાનો લાભ મળતા સોનામાં સુગંધ ભળી હતી.

જાત્રા પ્રવાસમાં જોડાયેલ દરેક વ્યક્તિને રૂા. ૧૦૦નું સંસ્થા દ્વારા સંઘપૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અંતર્ગત બસોમાં યાત્રિકોને લાવવા લઈ જવા, રૂમ ફાળવણી, ભોજન ઈત્યાદીની સુંદર વ્યવસ્થા સખત પરિશ્રમ લઈ સફળતા અપાવનાર સમિતિના માનદમંત્રીઓ તથા સર્વે સભ્યો પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જાત્રા પ્રવાસમાં જોડાયેલ મુરબ્બીઓના ફોર્મનું કોમ્પ્યુટરાઈઝ વર્ગીકરણ, બસોની ફાળવણી વગેરે કાર્યોમાં મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી, શ્રી જ્ઞાનેશભાઈ લાપસીયા, શ્રીમતી પ્રીયાબેન શાહ, શ્રી જયંતિભાઈ દેસાઈ તથા શ્રી ભુપેન્દ્રભાઈ શાહ તથા અન્ય કર્મચારીઓ દ્વારા સાંપડેલ સક્રિય સહયોગ બદલ અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

કાર્યકરોને હૈયે કંઈક અર્થપૂર્ણ કરી છૂટ્યાના આનંદનો અર્વિભાવ હતો. સભ્યોના મુખ પર સુખ અને સમતાની લહેરખી હતી. એક સુંદર અને મનભાવન કાર્યક્રમ ભાવવિભોર બનીને માણ્યો હતો.

આ કાર્યક્રમમાં મંડળ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, મંડળના માનદમંત્રી એડમિનીસ્ટ્રેશન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં ચોવિહારની વ્યવસ્થાનો લાભ લઈ, પ્રવાસની યાદગાર પળો માણતા માણતાં સહુએ ખુશનુમાં વાતાવરણમાં ગંતવ્ય સ્થાન તરફ પ્રયાણ કર્યું.

❑ જીવન સૌરભ સમિતિ


**ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

- **મુખ્ય આધાર સ્થંભઃ રૂા. ૩,૧૧,૦૦૦/–** • **સહાયક આધાર સ્થંભઃ રૂા. ૧,૧૧,૦૦૦/–**
- **દાતા ફોટો યોજનાઃ રૂા. ૫૧,૦૦૦/–** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- **રૂા. ૪૦,૦૦૦/–** એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- **વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજનાઃ રૂા. ૫,૦૦૦/–** ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. • તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✱ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

## મંડળના બંધારણ અને ધારા-ધોરણો મુજબ હોદ્દાના વફાદારીના શપથ ગ્રહણ કરતા નવા નિમાયેલ સમિતિના મંત્રીઓ તથા સહ મંત્રીઓ

ટ્રસ્ટી























## મંડળના બંધારણ અને ધારા-ધોરણો મુજબ હોદ્દાના વફાદારીના શપથ ગ્રહણ કરતા નવા નિમાયેલ સમિતિના મંત્રીઓ તથા સહ મંત્રીઓ























# ''સુહાના સફર'' મ્યુઝિકલ પ્રોગ્રામ





શ્રી પાટણ જૈન મંડળ દ્વારા યોજાયેલ **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ** પ્રેરિત પ્રોગ્રામ સમિતિ આયોજિત ''સુહાના સફરનો'' મ્યુઝિકલ પ્રોગ્રામ તા. ૧૨ જૂન, ૨૦૨૨ના બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજવામાં આવેલ.

સાંજના ૫.૩૦ થી ૭.૦૦ સુધીમાં સ્વાદિષ્ટ ભોજન સાથે વેલકમ ડ્રીન્કમાં ઠંડાઈ અને અંતમાં કુલ્ફી એ સ્વાદિષ્ટતામાં ઉમેરો કર્યો અને Complete ડીનરનો આનંદ માણ્યો.



પ્રોગ્રામની શરૂઆત નવકાર મંત્ર અને રાષ્ટ્રીય ગીતથી થઈ. ત્યારબાદ આપણા પ્રોગ્રામના **કન્વિનર અને વાઈસ પ્રેસિડન્ટ શ્રી રોહિતભાઈએ** વેલકમ સ્પીચ દ્વારા બે અઢી વર્ષ બાદ યોજાયેલ આ મ્યુઝિકલ પ્રોગ્રામમાં આવનાર દરેક મહેમાનોને આવકાર્યા, **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે** સભાને સંબોધિત કરતાં જુદી જુદી દાનની સ્કીમ દ્વારા શ્રી પાટણ જૈન મંડળ (માતૃસંસ્થા) સાથે જોડાવવાનું આહવાહન કર્યું અને કેટલીક સ્કીમો દ્વારા જોડાયેલા આપણા દાતાઓના નામ જાહેર કરી એમના પૂરા માન સાથે સ્ટેજ ઉપર આમંત્રિત કર્યા. આ ઉપરાત પ્રોગ્રામ સમિતિના માનદમંત્રીઓ **શ્રી સમીરભાઈ જયંતિલાલ શાહ, શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી, શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ** ઉપરાંત સમિતિના સભ્યોના સંનિષ્ઠ પ્રયાસોને પરિણામે સભાગૃહ હાઉસફુલ કરવા ઉપરાંત અન્ય કાર્યોમાં કરેલ જહેમત બદલ બિરદાવવામાં આવેલ.

